અમેરિકાનાં મ્યુઝિયમ્સ જોવા લાંબો સમય રહેવાના વિઝા મળી શકે ?

સવાલ ૧) હમણાં મને એક એસએમએસ મળ્યો છે. એ મોકલનાર વ્યક્તિ અમેરિકાના વિઝિટર્સ વિઝા અપાવી દેવાની ગેરન્ટી આપે છે. રૂબરૂ મુલાકાતમાં મને જણાવ્યું કે એની ફીના અર્ધા પૈસા પહેલાં ચૂકવવા પડશે અને બાકીના જો મને વિઝા મળે તો જ આપવાના રહેશે. એણે વધુમાં એવું પણ જણાવ્યું છે કે મુંબઈની અમેરિકન કૉન્સ્યુલેટમાં બધા જ એને ઓળખે છે. આથી જો એ મારા વતીથી વિઝાની અરજી કરશે તો મને વિઝા નક્કી મળી જશે. આ વ્યક્તિ પર વિશ્વાસ રાખી શકાય ?

-હિતેન્દ્ર ભટ્ટ, મુંબઈ

જવાબ : હમણાં હમણાંથી અમુક વિઝા કન્સલટન્ટો છાપાંમાં ટચુકડી જાહેરખબરો અને મોબાઈલ પર એસએમએસ મોકલીને વિઝા અપાવવાની ગેરન્ટી આપીને લોકોને પોતાની તરફ આકર્ષતા જોવામાં આવ્યા છે. મોટા ભાગના લોકો જેઓ એમની આગળ ગયા છે એમને તેઓ છેતરાયા હોય એવું લાગે છે. આથી આવા કન્સલટન્ટો પર વિશ્વાસ કરતાં પહેલાં એમને લગતી બધી માહિતી મેળવી લેવી હિતાવહ છે અને તેઓ જો તમને કંઈ પણ ખોટું કરવા કહે તો એમ સમજી લેજો કે એ કન્સલટન્ટ બોગસ છે.

ઓહ અમેરિકા ! આહ ઈમિગ્રેશન !!

સુધીર શાહ ઍડવોકેટ, મુંબઈ
ફોન નં.: ૨૨૬૫ ૪૬૫૮/૨૨૬૫ ૪૦૮૩
E-mail:sudhir .shah@airtelbroadband.in

સવાલ ૨) મારે અમેરિકામાં આવેલાં અસંખ્ય મ્યુઝિયમો જોવા છે પણ એ બધાં જોવા માટે ઘણો સમય જોઈએ, તો શું એ માટે અમેરિકામાં લાંબો સમય રહી શકાય એવા કોઈ ખાસ પ્રકારના વિઝા મળી શકે ?

-પ્રિયકાંત ચોકસી, અમદાવાદ

જવાબ : જો તમે અમેરિકામાં કોઈ ખાસ મ્યુઝિયમાં, કોઈ એક ખાસ વિષય પર સંશોધન કરવા જવાની ઈચ્છા ધરાવતા હોવ તો એ માટે તમે સ્ટુડન્ટ વિઝાની અરજી કરી શકો છો. સ્ટુડન્ટ વિઝા મેળવવા માટે તમે જે મ્યુઝિયમમાં જવાનો ઈરાદો ધરાવતા હોય એણે તમને સ્પોન્સર કરવા જોઈએ. ન્યૂ યૉર્કમાં આવેલું મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઑફ આર્ટ અને વૉશિંગ્ટન ડીસીમાં આવેલાં સ્મિથસોનિયન મ્યુઝિયમો એમને ત્યાં સંશોધન કરનારાઓને પીએચડીનો ખિતાબ આપે છે અને એ માટે લાયક પરદેશી વિદ્યાર્થીઓને આમંત્રે પણ છે. જો આ શક્ય હોય તો તમે સ્ટુડન્ટ વિઝા મેળવીને અમેરિકામાં જેટલો સમય સંશોધન કરતાં લાગે એટલો સમય રહી શકો છો. અન્યથા ફક્ત મ્યુઝિયમો ઝીણવટથી જોવા હોય તો વિઝિટર્સ વિઝા પર અમેરિકામાં પ્રવેશીને તમને ત્યાં રહેવા માટે આપવામાં આવેલી સમયમર્યાદા એકંદરે એક વર્ષ માટે લંબાવી શકો છો અને એટલો સમય ત્યાં રહી શકો છો.

સવાલ ૩) TAL એટલે શું ?

-મહેશ શાહ, મુંબઈ

જવાબ : અમેરિકામાં ઈમિગ્રેશન ખાતું ટેક્નૉલૉજી અલર્ટ લિસ્ટને ટૂંકમાં TAL કહે છે.

સવાલ ૪) સ્ટુડન્ટ વિઝા જેની સંજ્ઞા એફ-૧ છે. એના પર એક પરદેશી વિદ્યાર્થી અમેરિકામાં વધુમાં વધુ કેટલો સમય રહી શકે ?

-પ્રજ્ઞા ચતુર્વેદી, રાજકોટ

જવાબ : જે કોર્સ કરવા પરદેશી વિદ્યાર્થી સ્ટુડન્ટ વિઝા મેળવીને અમેરિકામાં પ્રવેશે એ કોર્સ પૂરો થાય એ પછી એને એક વર્ષનો સમય ત્યાં રહીને ઑપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ લેવાની છૂટ રહે છે. એ વર્ષ પૂરું થતાં વિદ્યાર્થીનો સ્ટુડન્ટ વિઝા પર અમેરિકામાં રહેવાનો સમય પૂરો થાય છે. જો કોઈ પરદેશી વિદ્યાર્થીએ સાયન્સ, ટેક્નૉલૉજી, એન્જિનિયરિંગ, મેથેમેટિક્સ - આ ચાર વિષયોમાં અમેરિકામાં માસ્ટર્સનો કોર્સ કર્યો હોય તો એનો ઑપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગનો પિરિયડ ૨૮ મહિનાનો હોય છે.

શરદસંપાત

ભારતીયોનું ઋતુવિજ્ઞાનનું જ્ઞાન

આગામી ૨૩ સપ્ટેમ્બરે શરદસંપાત થશે. આ દિવસે રાત અને દિવસ સરખાં થશે. બંને બાર બાર કલાકના. આ દિવસ પછીના દિવસે સૂર્ય ખગોળીય દક્ષિણગોળાર્ધમાં પ્રવેશ કરશે. હવે પછીના છ મહિના તે ખગોળીય દક્ષિણગોળાર્ધમાં વિચરણ કરશે. પૃથ્વીના ઉત્તરગોળાર્ધમાં તેથી રાત લાંબી થતી જશે અને દિવસ ટૂંકો થતો જશે અને અહીં શિયાળો બેસવાની શરૂઆત થશે. પૃથ્વીના દક્ષિણગોળાર્ધમાં દિવસ લાંબો થતો જશે અને રાત ટૂંકી થતી જશે અને અહીં પ્રથમ વસંત બેસશે અને પછી ઉનાળો શરૂ થશે.

વર્ષમાં બે વાર દિવસ અને રાત સરખાં થાય. એકવાર વસંતસંપાતને દિવસે ૨૧ માર્ચે અને બીજીવાર આ શરદસંપાત વખતે. વસંતસંપાત વખતે પૃથ્વીના ઉત્તરગોળાર્ધમાં વસંતઋતુ બેસે અને પછી ઉનાળો શરૂ થાય. આ વખતે પૃથ્વીના દક્ષિણગોળાર્ધમાં શિયાળો શરૂ થાય. ૨૧મી માર્ચ એટલે કે વસંતસંપાત પછી પૃથ્વીના ઉત્તરગોળાર્ધમાં દિવસ લાંબોને લાંબો થતો જાય.



આપણા પૂર્વજોને વસંતસંપાત અને શરદસંપાતની જાણ આઠ હજાર વર્ષ પહેલાંથી હતી. ભારતનું કેલેન્ડર ૮૦૦૦ વર્ષ પહેલાં વસંતસંપાતથી શરૂ થયું હતું. ત્યારે સૂર્ય પુનર્વસુ નક્ષત્રમાં હતો અને અદિતિ તેની અધિષ્ઠાત્રિ દેવી હતી. ત્યારે વર્ષ શરૂ થતું હતું એટલે સૂર્યને આદિત્ય કહેવાય છે. કારણકે અદિતિમાંથી તે ઉત્પન્ન થયો હતો. અદિતિ કશ્યપઋષિનાં પત્ની હતાં. ઉત્તરગોળાર્ધનાં બધાં નક્ષત્રોને દેવોનાં નક્ષત્રો કહેવાય છે અને સૂર્યના આ ગમનને દેવાયન કહેવાય છે. દેવાયન શરદસંપાત સુધી ચાલે. પછી પિત્રાયન શરૂ થાય. પિત્રાયનના પ્રારંભે ૧૫ દિવસ પિતૃપક્ષ શરૂ થાય.

ઉત્તરગોળાર્ધના અધિષ્ઠાતા દેવતા ઈન્દ્ર અને દક્ષિણગોળાર્ધના અધિષ્ઠાતા દેવતા યમરાજા, પ્રાચીન સમયમાં પૃથ્વીના ઉત્તરગોળાર્ધ પરથી નીચે દક્ષિણગોળાર્ધમાં કાંઈ દેખાતું ન હતું. એટલાન્ટિક મહાસાગર મહાભયંકર હતો અને આજે પણ છે અને ત્યાં રહેતા હબસી લોકો જુદા જ પ્રકારનાં માટે તે પાતાળ ગણાતો.

વર્ષમાં બીજા બે વિશિષ્ટ દિવસો પણ છે. તે ઉત્તરાયણ અને દક્ષિણાયન. ૨૨ ડિસેમ્બરે ખગોળીય દક્ષિણગોળાર્ધમાં વિચરતો સૂર્ય જે શરદસંપાત બિન્દુએથી દક્ષિણ તરફ જતો હતો તે વળાંક લઈને ઉત્તર તરફ વિહાર કરવાનું શરૂ કરે છે અને પછી ત્રણ મહિના પછી વસંતસંપાતને દિવસે ખગોળીય ઉત્તરગોળાર્ધમાં પ્રવેશ કરે છે. તે પછી ખગોળીય ઉત્તરગોળાર્ધમાં વિચરે છે, આકાશમાં ઉપરને ઉપર જતો જાય છે. ત્રણ મહિના પછી ૨૨ ડિસેમ્બરે તે પછી દક્ષિણ તરફ વળે છે અને આકાશમાં નીચે અને નીચે ઊતરતો જાય છે. ૨૨ ડિસેમ્બરે દક્ષિણાયન થાય છે.

અતિપ્રાચીન સમયમાં લોકોને સૂર્યની આવી ગતિની ખબર ન હતી તેથી તેઓ માનતા કે સૂર્ય નીચે પડે છે અને હવે આપણું શું થશે? તેઓ ખૂબ ડરી જતાં.

આજથી લગભગ ૫૦૦૦ વર્ષ પહેલાં જ્યારે વસંતસંપાત કૃત્તિકા નક્ષત્રમાં થતો ત્યારે માઘી પૂનમે ચંદ્ર આશ્લેષામાં રહેતો અને સૂર્યધનિષ્ઠામાં રહેતો અને એ નક્ષત્રોના કોન્ફીગ્યુરેશનમાં ઉત્તરાયણ થઈ હતી અને ભીષ્મપિતાએ તેમના દેહનો ત્યાગ કર્યો હતો. ભીષ્મપિતામહને ઈચ્છિત મૃત્યુ હતું અને તેઓ ઉત્તરાયણ થાય ત્યારે મૃત્યુ પામવાની ઈચ્છા રાખતા હતા. મહર્ષિ વેદવ્યાસે મહાભારતમાં ભીષ્મપિતામહના મૃત્યુ વખતે ઉત્તરાયણ સમયે આકાશની પરિસ્થિતિનું બરાબર વર્ણન કર્યું છે. તેથી આપણને આ બધી વાતની ખબર પડી છે. શરદસંપાત થાય ત્યારે વર્ષાઋતુ વિદાય લે છે અને હેમંતઋતુ શરૂ થાય છે. ખેતરોમાં પાક લહેરાય છે. અનાજનાં ડૂંડાં એકબીજાને આશ્લેષ કરતાં નજરે ચઢે છે. માટે આશ્લેષા નક્ષત્ર.

દુનિયામાં ક્યાંય છ ઋતુ નથી. માત્ર ભારતમાં જ છે. આ દર્શાવે છે કે ભારતીયો ઋતુવિજ્ઞાનમાં કેટલા આગળપડતા હતા. હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ. આમ છ ઋતુઓ જે ઉનાળો, શિયાળો અને ચોમાસુ નામની ચારચાર મહિનાની ત્રણ ઋતુઓમાં વહેંચાયેલી છે.

ભારતમાં પૂર્ણિમાનું ખૂબ મહત્ત્વ છે. કાર્તિક, માગસર, પોષી, માઘી, ફાલ્ગુની, ચૈત્રી, વૈશાખી, જ્યેષ્ઠી, અષાઢી, શ્રાવણી, ભાદ્રપદી અને આસોની પૂર્ણિમા. તેમાંય ખાસ કરીને શરદપૂર્ણિમા, કાર્તિક પૂર્ણિમા, પોષી પૂર્ણિમા, માઘી, ચૈત્રી, અષાઢી (ગુરુપૂર્ણિમા), શ્રાવણી પૂર્ણિમા ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

- ડૉ. જે. જે. રાવલ

આપણા મહિનાનાં નામો પૂર્ણિમાને દિવસે ચંદ્ર જે નક્ષત્રમાં કે તેની નજીક હોય તેના પરથી પડયાં છે. પ્રાચીન સમયમાં સમયનો સગળ પૂર્ણિમા અને અમાસના દિવસની મદદથી જ રખાતો. તે દિવસે યજ્ઞ- યાગ અને હવન-હોમ થતાં દેવોને નિવેદ ધરાવવામાં આવતાં. આમ કેલેન્ડરની જાળવણી થતી. જોકે હવે સ્વતંત્ર કેલેન્ડર આવી ગયાં છે. તેમ છતાં અમાસ અને પૂર્ણિમાનું મહત્ત્વ વ્યવહારમાં અને વિજ્ઞાનમાં એવું ને એવું જ રહ્યું છે. આ દિવસો ગ્રહણના દિવસો પણ ગણાય છે. કોઈ પ્રકારનું ગ્રહણ થાય તો તે પૂનમ કે અમાસના દિવસે જ થાય.

તો આપણને થાય કે શરદ પૂર્ણિમાનું શા માટે મહત્ત્વ ? તેનાં બે -ત્રણ કારણો છે. એક તો વર્ષાઋતુ પછી શરદ પૂનમ એવી પૂનમ છે જેને માણી શકાય, કારણકે વાદળાં લગભગ હોય નહીં, આકાશ સ્વચ્છ હોય અને એટલું જ નહીં વરસાદ થઈ ગયો હોવાથી આકાશની બધી જ અશુદ્ધિ વરસાદમાં નીચે આવી જાય છે અને ચંદ્ર પૂર્ણિમાને દિવસે પૃથ્વીથી નજીક હોય

પ્રાચીન સમયમાં વર્ષા ભાદ્રપદમાં થતી ત્યારે બ્રાહ્મણો જનોઈ બદલતા

છે, પૃથ્વી સૂર્યથી નજીક હોય છે માટે પૂર્ણિમા સોળે કળાએ ખીલી ઉઠે છે. ચંદ્ર થોડો મોટો અને ખૂબ જ પ્રકાશિત હોય છે. માટે શ્રીકૃષ્ણે વ્રજમાં શરદપૂર્ણિમાને દિવસે રાસોત્સવ કર્યો હતો. બીજું પોષીપૂનમને દિવસે પૃથ્વી પણ સૂર્યથી નજીક હોય છે, ચંદ્ર પૃથ્વીથી. માટે આ બંને પૂર્ણિમાને દિવસે ચંદ્ર થોડો મોટો પણ હોય છે, અને સૂર્યની નજીક હોવાથી વધારે પ્રકાશિત હોય છે. આમ આપણા દરેકે દરેક તહેવારનો ઋતુઓ અને ખગોળવિજ્ઞાન સાથે ગાઢ સંબંધ છે.

તો થાય કે કુદરતમાં આમ દિવસ-રાત સરખાં અને તે પણ આખા વર્ષમાં બે જ વાર, દરેક છ મહિના પછી આવે. લાંબામાં લાંબો દિવસ અને ટૂંકામાં ટૂંકી રાત અને લાંબામાં લાંબી રાત અને ટૂંકામાં ટૂંકો દિવસ, વસંતસંપાત, દક્ષિણાયન, શરદસંપાત અને ઉત્તરાયણ શા માટે થતાં હશે? શા માટે અમુક પૂર્ણિમાને દિને ચંદ્ર ખૂબ જ પ્રકાશિત અને મોટો લાગે છે? તેનાં બે -ત્રણ ખગોળ વૈજ્ઞાનિક કારણો છે. એક પૃથ્વીની ધરી ૨૩.૫ અંશે ઝૂકેલી છે. તેથી રવીમાર્ગ આકાશમાં ખગોળીય વિષુવવૃત્ત સાથે ૨૩.૫ અંશ ઝૂકેલો છે. ખગોળીય વિષુવવૃત્ત અને રવીમાર્ગ બંને વર્તુળો છે અને એકબીજાને બે અને માત્ર બે બિન્દુએ છેદે છે. સૂર્ય જ્યારે આ બે બિન્દુએ આવે ત્યારે તે વિષુવવૃત્ત અને રવીમાર્ગના જંકશન પર હોય છે તેથી આ બે દિવસોએ દિવસ અને રાત સરખાં થાય છે. તે વસંતસંપાત અને શરદસંપાત. પૃથ્વીના ઉત્તરગોળાર્ધ પર દક્ષિણાયન થાય છે અને દક્ષિણગોળાર્ધ પર ઉત્તરાયણ થાય છે. સૂર્ય ૨૧ માર્ચથી ૨૩ સપ્ટેમ્બર સુધી ખગોળીય ઉત્તરગોળાર્ધમાં વિચરે છે જે પૃથ્વીનો ઉત્તરગોળાર્ધ છે અને પૃથ્વીના વિષુવવૃત્ત પરના આકાશમાં સૂર્ય વિચરે છે અને બાકીના છ મહિના ૨૩ સપ્ટેમ્બરથી ૨૧ માર્ચ સુધી સૂર્ય ખગોળીય દક્ષિણગોળાર્ધમાં વિચરે છે જે પૃથ્વીનો દક્ષિણગોળાર્ધ છે અને પૃથ્વીના વિષુવવૃત્તની નીચેના આકાશમાં વિચરે છે.

૨૧ માર્ચ પછી ૨૩ સપ્ટેમ્બર વચ્ચે સૂર્ય ઉત્તર દિશા તરફ ઉદય પામે છે અને બીજા છ મહિના દક્ષિણ દિશા તરફ ઉદય પામે છે. માત્ર ૨૧ માર્ચ અને ૨૩ સપ્ટેમ્બરે સૂર્ય બરાબર પૂર્વમાં ઉદય પામે છે અને પશ્ચિમમાં અસ્ત પામે છે. આપણા પૂર્વજોએ ઘણા વર્ષોનાં આકાશ, સૂર્ય, ચંદ્ર, તારાનાં નિરીક્ષણ પછી આ જ્ઞાન મેળવ્યું છે. આ બધું પૃથ્વીની ઝૂકેલી ધરીનું પરિણામ છે. જો પૃથ્વીની ધરી ઝૂકેલી ન હોત તો ઋતુઓ થાત નહીં અને પૂરા વર્ષમાં દિવસો કંટાળાજનક થઈ જાત. ૨૧ માર્ચથી ૨૩ સપ્ટેમ્બર સુધી પૃથ્વીનો ઉત્તરગોળાર્ધ સૂર્ય તરફ રહે છે અને બાકીના છ મહિના પૃથ્વીનો દક્ષિણગોળાર્ધ સૂર્ય તરફ રહે છે. ૨૧ માર્ચથી ૨૩ સપ્ટેમ્બર છ મહિના દેવોનો દિવસ છે અને બાકીના છ મહિના દેવોની રાત છે. પ્રાચીન સમયમાં કેલેન્ડર વસંતસંપાતથી શરૂ થતું પણ વસંતસંપાતના ખસવાને લીધે ઋતુઓ પાછી પડતી ચાલી ત્યારે કેલેન્ડર ઉત્તરાયણથી શરૂ કરવામાં આવ્યું અને મોટો ગૂંચવાડો પેદા થઈ ગયો. ત્યારથી દેવોનો દિવસ ઉત્તરાયણથી દક્ષિણાયનનો ગણવામાં આવે છે. તેમ છતાં રીત-રિવાજો વસંતસંપાતથી જ શરૂ રાખવામાં આવ્યા. આમ મોટો ગૂંચવાડો પેદા થઈ ગયો. પહેલો મહિનો પૂર્ણિમાને દિવસે શરૂ કરવામાં આવે તો પણ ઋતુઓ ૧૫ દિવસ પાછી પડતી લાગી એટલે મહિનો અમાસને દિવસે શરૂ કરવામાં આવ્યો. પહેલા ઉત્તરાયણ ચૈત્રીપૂર્ણિમામાં થતી. પછી ઋતુઓ પાછી પડતી દેખાઈ અને તે એક મહિનો પાછી પડી તેથી ઉત્તરાયણ માઘી પૂનમના દિવસે કરવામાં આવી. આમ ગૂંચવાડો વધતો ચાલ્યો.

પ્રાચીન સમયમાં વર્ષા ભાદ્રપદમાં થતી. ત્યારે બ્રાહ્મણો જનોઈ બદલતાં. આજે પણ ઘણા બ્રાહ્મણો ભાદ્રપદ મહિનામાં જનોઈ બદલે છે. પછી વર્ષા શ્રાવણમાં થતી. બ્રાહ્મણો શ્રાવણીપૂર્ણિમાએ જનોઈ બદલે છે. પછી વર્ષાઋતુ ખસતી ખસતી અષાઢ અને જ્યેષ્ઠ મહિનામાં આવી ગઈ. આમ કુદરતના નિયમોને લીધે ઋતુઓના મહિનાઓ બદલાતા ચાલ્યા છે. આ બધું વસંતસંપાતના પશ્ચિમ તરફ ખસવાના કારણે થાય છે. કુદરતની આ પ્રક્રિયા સમજતા આપણને સદીઓ લાગી. વિશ્વામિત્રે બીજું સ્વર્ગ રચવાની વાત કરેલી. તે આ બધી પ્રક્રિયા સાથે સંબંધ ધરાવે છે. આજથી ૨૦૦૦ વર્ષ પહેલાં જ્યારે ઉત્તરાયણ થતી ત્યારે સૂર્ય મકરરાશિમાં રહેતો અને દક્ષિણાયન થતી ત્યારે કર્કરાશિમાં રહેતો. તેના પરથી મકરવૃત્ત અને કર્કવૃત્ત અસ્તિત્વમાં આવ્યાં છે. તે સૂર્યના માર્ગની ખગોળીયગોળાર્ધ પર લિમિટ દર્શાવે છે. સૂર્ય આ બે લિમિટ વચ્ચે જ આકાશમાં ભ્રમણ કરે છે. વસંતસંપાતના ખસવાથી હવે આ બે લિમિટ ધનુ અને મિથુન થઈ ગઈ છે. ધનુવૃત્ત અને મિથુનવૃત્ત સૂર્યની ઉત્તરની આ લિમિટ કચ્છ, અમદાવાદ, ઉજ્જૈન પટણા પરથી પસાર થાય છે અને દક્ષિણની લિમિટ ઑસ્ટ્રેલિયા પરથી પસાર થાય છે. આમ આ બધું પરિવર્તનશીલ છે. પરિવર્તનશીલતા કુદરતનો નિયમ છે.

ઈકોફ્રેન્ડલી ગણપતિબાપ્પા

વાતાવરણમાં સર્વત્ર ઉત્સાહ અને ખુશાલી પ્રવર્તી રહી છે. પર્વોનો મેળો જામ્યો છે - પર્યુષણ, ઈદ અને ગણેશોત્સવ. નવરાત્રિ પછી દિવાળી જેવા બીજા તહેવારો પણ જાણે હવે લાઈનમાં રાહ જોઈને જ ઉભા રહેશે! આપણે સૌએ બધા તહેવારો હર્ષોલ્લાસભેર ઉજવવા જોઈએ પણ વિવેકભાન સાથે.

હું ખુશ છું, કારણ આ બ્લોગ છપાશે ત્યારે સુમુખ(ગણેશ) મારે ઘેર પધાર્યા હશે. હું ખુશ છું એનું બીજું કારણ એ પણ છે કે આ વર્ષે પણ મારા ગણપતિબાપ્પા ઈકોફ્રેન્ડલી છે! આ વર્ષે છાપાઓમાં ઘણી જગાએ ઈકોફ્રેન્ડલી એકદંત(ગણેશ)ની મૂર્તિઓનો ઉલેખ વાંચવા મળ્યો હોવા છતાં લોકોમાં આ વિષે જોઈએ એવી જાગૃતિ આવી નથી. મારે જ મલાડમાં કપિલ(ગણેશ)ની ઈકોફ્રેન્ડલી મૂર્તિ શોધવા ઠેરઠેર ફરવું પડ્યું હતું. કેટલાક દુકાનદારો અને મૂર્તિકારોને તો ઈકોફ્રેન્ડલી શબ્દનો અર્થ પણ ખબર ન હતો.

ગજકર્ણ(ગણેશ)ના ઈકોફ્રેન્ડલી અવતાર વિષે જાણ હોય કે ન હોય પણ મૂર્તિકારોને લંબોદર(ગણેશ)ને વિવિધ રુપ આપવા બેહદ પસંદ હોય એમ લાગે છે! કેટકેટલા અવનવા મોહક અને સુંદર રુપોમાં વિકટ(ગણેશ) તમને જોવા મળશે!

કોઈ મૂર્તિકાર વિઘ્નનાશ(ગણેશ)ને શંકર ભગવાન સ્વરુપે કંડારશે તો કોઈ વિનાયક(ગણેશ)ને સાંઈબાબાનું સ્વરુપ આપશે તો કોઈક વળી તેમને હનુમાનદાદા બનાવી દેશે! હદ તો ત્યારે થઈ જાય જ્યારે કોઈક ધૂની મૂર્તિકાર ધૂમ્રકેતુ (ગણેશ)ને માણસનું સ્વરુપ આપી દે છે! ગયા વર્ષે જ મેં એક ગણપતિની મૂર્તિ ચડ્ડી-બૂશર્ટ પહેરેલ વિદ્યાર્થીના સ્વરુપમાં જોઈ અને બીજી એક શિવાજી મહારાજના સ્વરુપમાં! હવે આ મને જરા વધુપડતું લાગે છે. ભગવાનને તેમના મૂળ સુંદર સ્વરુપ પડતાં મૂકીને પામર મનુષ્યના સ્વરુપમાં મૂકવાની વાત મારે ગળે ઉતરતી નથી. ગણાધ્યક્ષ(ગણેશ)ને આપણે તેમના અસલ સ્વરુપે જ ન પૂજી શકીએ? હા, મને ગોટીઓમાંથી કે ચોકલેટ કે શ્રીફળ કે શાકભાજી કે સૂકામેવા કે આવી અવનવી વસ્તુઓમાંથી બનાવેલ ભાલચંદ્ર(ગણેશ)ની સર્જનાત્મક મૂર્તિ ગમે છે! ગજાનન(ગણેશ) એક જ ભગવાન છે જે લોકોને અલગ અલગ હજાર સ્વરુપમાં જોવા ગમે છે!

વળી પાછા ઈકોફ્રેન્ડલી મૂર્તિની વાત પર આવીએ તો આ મૂર્તિની કિંમત સામાન્ય (પ્લાસ્ટર ઑફ પૅરિસની) મૂર્તિઓ કરતાં મોંઘી હોય છે, કારણ આ પ્રકારની મૂર્તિ પ્લાસ્ટર ઑફ પૅરિસ (જે પર્યાવરણને નુકસાન પહોંચાડે છે) ને બદલે માટીમાંથી કે બીજા પર્યાવરણને નુકસાન ન પહોંચાડે એવાં તત્ત્વોમાંથી બનાવવામાં આવે છે. તેના પર રંગ પણ પર્યાવરણ મિત્ર પદાર્થમાંથી બનાવાયો હોય તેવો જ વપરાય છે જે સામાન્ય પ્લાસ્ટર ઑફ પૅરિસની મૂર્તિ પર કરાતાં ભડક રાસાયણિક પદાર્થોમાંથી બનેલા રંગો જેવો આકર્ષક હોતો નથી. આપણને ભડક અને ભપકાદાર વસ્તુઓનો જ મોહ હોય છે. આથી લોકો ઈકોફ્રેન્ડલી મૂર્તિઓ ખરીદતા નથી. લોકોમાં પર્યાવરણ વિષે પૂરતું જ્ઞાન કે પ્લાસ્ટર ઑફ પૅરિસ અને રાસાયણિક રંગો પર્યાવરણને કેટલું નુકસાન પહોંચાડે છે તે વિષેની સાચી ને સચોટ માહિતીનો પણ અભાવ છે. હવે જ્યારે લોકો ઈકોફ્રેન્ડલી મૂર્તિઓની સરખામણીમાં સસ્તી અને વધુ આકર્ષક પ્લાસ્ટર ઑફ પૅરિસની મૂર્તિ મળતી હોય તો ઈકોફ્રેન્ડલી મૂર્તિઓ શા માટે ખરીદે? આખરે મૂર્તિકારો પણ એવી જ મૂર્તિ બનાવે ને જે વધુ વેચાય? આથી આપણે જાગૃત થઈ ઈકોફ્રેન્ડલી મૂર્તિઓ જ ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ.

'બ્લૉગને ઝરૂખેથી...'

વિકાસ ઘનશ્યામ નાયક
email : vikas.nayak@gmail.com
http://blognezarookhethee.blogspot.com

ઘેર શણગાર માટે પણ જે પદાર્થોનો ઉપયોગ કરીએ તે ઈકોફ્રેન્ડલી જ હોય એવો આગ્રહ રાખવો જોઈએ, જેમ કે થર્મોકોલ કે પ્લાસ્ટીકને બદલે સાચાં ફૂલો, રંગબેરંગી દુપટ્ટાઓ, લોટ, લીલાંછમ છોડ-વેલા વગેરેનો ઉપયોગ કરવા વિષે વિચારી શકાય.

બીજો પણ એક મુદ્દો અતિમહત્ત્વનો છે. પ્લાસ્ટર ઑફ પૅરિસની મોટી મોટી મૂર્તિઓ જ્યારે દરિયામાં કે બીજાં જળાશયોમાં પધરાવવામાં આવે ત્યારે ત્યાં વસતા જળજીવોને હદ બહારનું નુકસાન થાય છે. આપણે વગર વિચાર્યે જૂનો પૂજાનો સામાન વગેરે પણ પ્લાસ્ટિકની થેલીમાં ભરી તેને દરિયામાં પધરાવતા હોઈએ છીએ, જે ન કરવું જોઈએ. હવે તો સરકાર ગણેશોત્સવ બાદ ગજાનન(ગણેશ)ની મૂર્તિઓના વિસર્જન માટે પણ ખાસ પ્રકારના કૃત્રિમ તળાવ બનાવે છે. બધાએ આ તળાવોનો ઉપયોગ કરવો જોઈએ. મારા એક મિત્ર અમેરિકામાં તેના ઘેર ગણપતિની મૂર્તિ લાવ્યા હતા અને તેણે આ મૂર્તિનું વિસર્જન પોતે જ તેના ઘરના કંપાઉન્ડમાં નાનકડો ખાડો ખોદી તેમાં સ્વચ્છ પાણી ભરી વિધિવત્ તેમાં કર્યું હતું અને આ પ્રસંગના ફોટા અમે સૌએ જોયા હતા અને આશ્ચર્ય પણ અનુભવ્યું હતું.

ગણેશોત્સવ શ્રદ્ધાનું પર્વ છે તેમાં દેખાદેખી કે બીજાને આંજી નાખવા કે બીજા સાથે સ્પર્ધા કરવા બેફામ ખર્ચ જેવાં તત્ત્વો ન ઉમેરાવાં જોઈએ. વિનાયક(ગણેશ)ની મૂર્તિને વિસર્જન માટે લઈ જતી વખતે પણ લોકો મોટામોટા બેન્ડ અને હવે તો ડીજે પાછળ મસમોટો ખર્ચ કરે છે. દારુ પીને બેહૂદા નાચ કરે છે. ગુલાલ સાથે કૃત્રિમ ફીણ અને કોલ્ડડ્રીંકની છોળો ઉડાડે છે. આ બધું ગણેશોત્સવના પવિત્ર પર્વને કલુષિત કરે છે. આ રીતે ભગવાનને યાદ કરવાના ન હોય. આજે આપણે ગ્લોબલ વોર્મિંગ જેવી પર્યાવરણ સંબંધી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છીએ ત્યારે જીવનમાં ડગલે ને પગલે આપણે કઈ રીતે પર્યાવરણને થોડું પણ નુકસાન થતાં અટકાવી શકીએ એ વિષે વર્તવું જોઈએ અને સમજણપૂર્વક કુદરતી સ્રોતોનો ઉપયોગ કરવો જોઈએ.

સિલિકોન વેલીમાં જન્માષ્ટમીની ઉજવણી દરમિયાન શ્રીકૃષ્ણજન્મોત્સવ નિમિત્તે મુખ્ય મનોરથી પરિવાર વચ્ચે આરતી ઉતારતા યુવા વૈષ્ણવાચાર્યજી

સિલિકોન વેલીમાં જન્માષ્ટમીની ઉજવણી

પ્રવીણ દેસાઈ તરફથી

મિલપીટાસ/કેલિફોર્નિયા, તા. ૧૮ : 'બે-એરિયા યુવા વૈષ્ણવ પરિવાર-બેવીપી'ના ઉપક્રમે શ્રીમયકૃષ્ણધામમાં જન્માષ્ટમી નિમિત્તે વડોદરાનિવાસી યુવા વૈષ્ણવાચાર્ય પૂ. શ્રી વ્રજકુમારજીના મુખે ' શ્રીનાથજી ચરિત્રામૃત કથા'નું આયોજન કરવામાં આવ્યું હતું. ધર્મ અનુરાગી મુખ્ય મનોરથી દંપતી કેયુરાબહેન-કૌશલભાઈ મહેતાના યજમાનપદે છ દિવસીય વ્યાખ્યાનમાળા દરમિયાન તેમણે સંગીતમય શૈલીમાં પુષ્ટિમાર્ગના પાયાના સિદ્ધાંતોની સમજ સાથે શ્રીનાથજી પ્રાગટ્ય અને લીલાઓ, શ્રીગિરિરાજજી, શ્રીમહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી તથા અષ્ટ સખાના પ્રેરક પ્રસંગોના વર્ણન સહિત વિવિધ દિવ્ય મનોરથો, ઉત્સવોની ઝાંખી કરાવી હતી. શ્રીકૃષ્ણ જન્મોત્સવ-જન્માષ્ટમી તથા નંદમહોત્સવ પર્વની ઉજવણી ધામધૂમથી સોળે શણગાર સજેલ વલ્લભી વૈષ્ણવોની ભારે ભીડ વચ્ચે શ્રાવણ વદ અષ્ટમીને ગુરુવારે નિજ મંદિરના ગર્ભગૃહમાં કરવામાં આવી હતી.

બીજા દિવસે યુવા વૈષ્ણવાચાર્યજીએ વૃંદાવનમાં શ્રીગિરિરાજ પર્વત પર શ્રીનાથજી પ્રભુની ઐતિહાસિક પ્રાગટ્ય ઘટનાને આવરતાં ભૂમંડલાચાર્ય જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી-શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોમાં શ્રીકૃષ્ણઃ શરણમ્ મમ્ના અષ્ટાક્ષર મહામંત્ર સહ 'બ્રહ્મસંબંધ'ની મહતા સમજાવી હતી.

મસ્કતમાં ગુજરાતી સમાજની ૩૫મી જયંતીની ઉજવણી

મસ્કત, તા. ૧૮ : મસ્કત ગુજરાતી સમાજની ૩૫મી જયંતી અને સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી નિમિત્તે ગુરૂવાર, તા. ૩૦ સપ્ટેમ્બરે અહીંની અલં ફલાજ હોટેલમાં સાંજે ૭-૩૦ વાગ્યે પટેલ રાસ મંડળીનાં લોકનૃત્યનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં મુખ્ય અતિથિ તરીકે મસ્કત ખાતેના ભારતીય રાજદૂત અનીલ વાધવા, અતિથિવિશેષ તરીકે શેખ શ્રી કનકસી ગોકલદાસ ખીમજી ઉપરાંત કલાકારો દિલીપ જોશી, દીશા વાકાણી, આશિત મોદી ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનું સંચાલન અંકિત ત્રિવેદી કરશે.

શૌખ જગત

સૌજન્ય: અરુણ ગાંધી ફોન : ૨૬૧૦૮૩૦૪

આપણે નવા શોખીનો માટે ઘણી વસ્તુ જોઈ. હવે થોડું જૂના સંગ્રાહકો માટે જોઈએ.

આજકાલ નોટોના ભાવ આસમાને પહોંચી ગયા છે અને લગભગ બધાજ સંગ્રહાકોના સંગ્રહમાં થોડી થોડી નોટો બાકી રહી ગઈ છે. તો આ સંગ્રાહકોને લેખકનું સૂચન છે કે આ વર્ષ ૨૦૧૦માં જે ખૂટતી નોટો છે તે મેળવી લો. ૨૩થી ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૦માં 'વલ્ડ ટ્રેડ સેન્ટર'માં પ્રદર્શન છે અને ત્યાર બાદ ગોવાલિયા ટૅન્ક અથવા સુંદરાબાઈ હૉલમાં પ્રદર્શન કરાશે, તો આ બે પ્રદર્શન અથવા બહારગામ ભરાયેલા પ્રદર્શનમાંથી ખૂટતી નોટો મેળવી લો. પ્રસદર્શનનો ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે ત્યાં ભારતભરમાંથી નોટોના સિક્કાના વિક્રેતાઓ આવે છે આથી ભાવમાં થોડો ફરક પડે. જૂના સંગ્રાહકો પાસે તો પોતાનું વૉન્ટ લિસ્ટ હોય જ છે, તેથી લૂંટાવાની તૈયારી સાથે પ્રદર્શનમાંથી ખૂટતી ચીજ મેળવી લો. જેમ જેમ નવાં પ્રદર્શનો આવતાં જાય છે તેમ તેમ નોટોના ભાવ પણ વધતા જાય છે. આજે લૂંટાઈ ગયેલા લાગશે, પણ આવતી કાલે સમજાશે કે ચાલો સારું થયું મને મારી ખૂટતી વસ્તુ સસ્તામાં મળી ગઈ. તો લૂંટાવા તૈયાર થાવ.

આ માટે મારી પાસે બીજું પણ એક સૂચન છે જો તમોને તે યોગ્ય લાગે તો તે ઉપાય અજમાવજો. દરેક સંગ્રાહકો પાસે બ્રિટિશ સમયની (સ્વતંત્રતા પહેલાંની) થોડી નોટો તો હોય જ છે અને એ નોટોના આજના ભાવ જાણી આપણે અવકાશમાં વિહરવા લાગશું. આ સમયનો સંગ્રહ પૂરો ન હોવાથી લેખક્નું સૂચન છે કે આ નોટોનો સારો ભાવ કરી કાઢી નાખો અને સ્વતંત્રતા બાદની ખૂટતી નોટ એ પૈસામાંથી મેળવી લો. આમ નવા પૈસા નાખ્યા વગર પણ આપણો સંગ્રહ પૂરો થશે અને આથી પૂર્ણ સંગ્રહની કિંમત પણ વધી જશે, જે ઘણું જરૂરી છે.

ઉપરના બેમાંથી કોઈ પણ રસ્તો સ્વીકારો, પણ સંગ્રહ પૂર્ણ કરો. હવે સમય આપણા હાથમાંથી સરકી જઈ રહ્યો છે.

આ વસ્તુ નવા સંગ્રાહકો માટે પણ યોગ્ય જ છે. તેઓ પાસે ફક્ત પહેલો જ વિકલ્પ છે અને એ પ્રયોગ અજમાવવા જેવો છે.